true
true credits

truecredits.in
hr@truecredits.in
0124 -4642763

CIN : U65190HR2017PTC070653

**SMA અને NPA તરીકે લોન ખાતાના વર્ગીકરણ ઉપર ગ્રાહક સભાનતા**

ઓવરડયુની તારીખ, SMA અને NPA વર્ગીકરણ અને અપગ્રેડેશન ઉપર અમારા ગ્રાહકોની સભાનતા વધારવા માટેનું આ પ્રત્યાયન છે, RBIના નિયંત્રણો સાથે એકરૂપ અંતિમ પ્રક્રિયામાં આજ દિન સુધીના ચોક્કસ સંદર્ભ સાથે.

“આવકની ઓળખ ઉપર, સંપત્તિ વર્ગીકરણ અને એડવાન્સિસને લગતી જોગવાઈઓ પર વ્યવહારકુશળ ધોરણો - સ્પષ્ટતાઓ” પર રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)ની માર્ગદર્શિકા અનુસાર, 12 નવેમ્બર, 2021 અને ફેબ્રુઆરી 15, 2022 ની તારીખનાં પરિપત્રો દ્વારા સૂચિત તરીકે, RBI એ ઓવરડયું તારીખો અને સ્પેશીયલ મેન્શન એકાઉન્ટ (SMA)/ નોન પરફોર્મિંગ એસેટ (NPA) વર્ગીકરણ અને એકાઉન્ટનું અપગ્રેડેશનના ખ્યાલને સ્પષ્ટ કર્યો છે, નીચે દર્શાવ્યા અનુસાર, તમામ ધિરાણ આપનાર સંસ્થાઓમાં એકસમાનતા સુનિશ્ચિત કરવા માટે.

**નિયત તારીખ/ચુકવણીની તારીખ:** તે એવી તારીખ છે કે જે તારીખે લોન ખાતા પરના મુદ્દલ/વ્યાજનો હપ્તો ચૂકવવાને પાત્ર છે જે પ્રમાણે મંજૂર કરવામાં આવેલ નિયમો/ લોન કરારમાં દર્શાવવામાં આવ્યું છે તે પ્રમાણે.

**ઓવરડ્યુ (ડિફોલ્ટ) એકાઉન્ટ્સ:** મંજૂર થયેલ નિયમો /લોન કરારમાં દર્શાવ્યા મુજબ જે પ્રમાણે જોઈ ગયા તેમ સંબંધિત નિયત તારીખે મુદલ / ચઢેલા વ્યાજની સંપૂર્ણ ચૂકવણી કરવામાં ન આવે ત્યારે આવા એકાઉન્ટને ઓવરડયુ કોણ એકાઉન્ટ તરીકે ગણવામાં આવશે, કંપની લોન ખાતાને ઓવર ડાયું તરીકે અંકિત કરશે, નિયત તારીખ માટે દિવસના અંતની પ્રક્રિયાના ભાગ રૂપે, આવી પ્રક્રિયાઓ ચલાવવાના સમયને ધ્યાનમાં લીધા વગર.

**લોનના વર્ગીકરણ માટેનો આધાર:** વધુ સારી રીતે સમજ માટે, SMA અને NPA તરીકે લોન ખાતાના વર્ગીકરણ માટેનો આધાર અને તે માટેનું ઉદાહરણ નીચે દર્શાવ્યું છે:
*SMA 0: 30 દિવસ સુધી*
*SMA 1: 31 થી 60 દિવસ સુધી*
*SMA 2: 61 થી 90 દિવસ સુધી*
*NPA: 180/ 150/ 120/ 90 દિવસથી વધુ (NPA વર્ગીકરણ માટે કંપનીને લાગુ પડતા ધોરણને ધ્યાનમાં રાખીને)*

કંપનીની દિવસના-અંતની પ્રક્રિયાના ભાગ રૂપે SMA અથવા NPA તરીકે લોન ખાતાનું વર્ગીકરણ સંબંધિત તારીખ સુધી કરવામાં આવે છે અને SMA અથવા NPA વર્ગીકરણ તારીખ એ એવી કૅલેન્ડર તારીખ હશે જેના માટે દિવસના અંતની પ્રક્રિયા કંપની દ્વારા ચલાવવામાં આવે છે.

**SMA/NPA વર્ગીકરણ માટેનું ઉદાહરણ:** જો લોન ખાતાની નિયત તારીખ 31 માર્ચ, 2021 છે, અને કંપની આ તારીખે દિવસના અંતની પ્રક્રિયા ચલાવે તે પહેલાં સંપૂર્ણ બાકી રકમ પ્રાપ્ત ન થાય, તો ઓવરડયુની તારીખ 31 માર્ચ, 2021 હશે.

જો તે ઓવરડયુ ચાલુ જ રહે છે, તો 30 એપ્રિલ, 2021 ના રોજ દિવસના અંતની પ્રક્રિયા ચલાવવા પર, એટલે કે, સતત ઓવરડયુ હોવાના 30 દિવસ પૂર્ણ થયે આ ખાતાને SMA-1 તરીકે ટૅગ કરવામાં આવશે. તે જ પ્રમાણે, તે ખાતા માટે SMA-1 વર્ગીકરણની તારીખ 30 એપ્રિલ, 2021 રહેશે.

તેવી જ રીતે, જો ખાતું ઓવરડયુ રહે છે, તો 30 મે, 2021ના રોજ દિવસના અંતની પ્રક્રિયા ચાલવા પર તેને SMA-2 તરીકે ટૅગ કરવામાં આવશે અને જો વધુ ઓવરડયું રહે છે, તો દિવસના અંતની પ્રક્રિયા ચાલવા પર ચાલુ દિવસના અંતની પ્રક્રિયામાં હાલના સંપત્તિ વર્ગીકરણ ધોરણો અનુસાર તેને NPA તરીકે વર્ગીકૃત કરવામાં આવશે.

તારીખ 12 નવેમ્બર, 2021ના RBIના નોટિફિકેશન મુજબ **NPA તરીકે વર્ગીકૃત થયેલ લોન ખાતાને સ્ટાન્ડર્ડ**

**એસેટ તરીકે અપગ્રેડ કરવામાં આવશે જો તમામ મુદલનું પડતર, વ્યાજ અને/અથવા ભરવાની રકમ બાકી છે અને તેમાં ચૂકવવાપાત્ર અન્ય રકમ તમારા દ્વારા પૂરે પૂરી ભરી દેવામાં આવે** [અહીં "સ્ટાન્ડર્ડ એસેટ" શબ્દનો અર્થ અને સંદર્ભ તે લોન ખાતાનો આપે છે જેને SMA અથવા NPA તરીકે વર્ગીકૃત કરવાની જરૂર નથી].

ઉપર આપવામાં આવેલા પ્રકાશમાં, કંપની તેના તમામ ગ્રાહકોને સલાહ આપે છે કે કોઈપણ પ્રકારના વિલંબ અથવા ડિફોલ્ટ વિના સંબંધિત નિયત તારીખો પર અથવા તે પહેલાં હપ્તાઓ અને અન્ય રકમ જો ચૂકવવાની છે તો ચૂકવી દે અને તેમના ખાતાઓને SMA અથવા NPA તરીકે વર્ગીકૃત કરવાનું ટાળે.

**અગત્યની નોંધ:**

- તમારા હપ્તાઓ સમયસર ચૂકવો જેનાથી તમને તમારો ક્રેડિટ સ્કોર બનાવવામાં મદદ મળેછે
- ઊંચો ક્રેડિટ સ્કોર તમને નીચા વ્યાજ દરો સાથે મોટા મૂલ્યની લોન મેળવવામાં મદદ કરી શકે છે